અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી અજિતનાથ જિન સ્તવન (૧)

અજિતજિણંદશ્યું પ્રીતડી,
મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીયો,
કિમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે.

**અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે.**

મારી પ્રીતિ શ્રી અજિતનાથ જિનેશ્વર દેવ સાથે બંધાઈ ગઈ છે, એટલે મને બીજા કોઈની સોબત ગમતી નથી. મોગરાના મનોહર ફૂલમાં મુગ્ધ બનેલો ભમરો શું બાવળના ઝાડ પર બેસે ? ન જ બેસે.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

# શ્રી અજિતનાથ જિન સ્તવન (૨)

**ગંગાજળમાં જે રમ્યા,**
**કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે;**
**સરોવર જલધર જળ વિના,**
**નવિ ચાહે હો જગ ચાતકબાળ કે.**

**અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે.**

(શ્રી જિનવર સાથેની પોતાની પ્રીતના સમર્થનમાં પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) ગંગાના નિર્મલ નીરમાં ગેલ કરનારા રાજહંસને ખાબોચિયાના ગંધાતા પાણીમાં આનંદ આવે ? ન જ આવે, વળી ચાતક પંખી, મેઘના જળને બદલે સરોવરનું જળ ચાહે ખરું ? ન જ ચાહે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી અજિતનાથ જિન સ્તવન(૩)

કોકિલ કલકૂજિત કરે,
પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરૂઅર નવિ ગમે
ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે.

**અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે.**

(પ્રભુ સાથેની પોતાની પ્રીતને દર્શાવતા પૂ. ઉપાધ્યાયજી મ. ગાય છે કે) કોયલ મનોહર આંબાનો મોર-આમ્રમંજરી ખાઈને મધુર શબ્દ કરે છે, તેને બીજાં આછાં-પાંખાં-નાનાં વૃક્ષો ગમતાં જ નથી. ગુણજ્ઞ પુરૂષોને મોટાઓની સાથે જ ગુણાનુરાગ થાય છે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી અજિતનાથ જિન સ્તવન (૪)

કમલિની દિનકર કર ગ્રહે,
વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના,
નવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે.

**અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે.**

(પ્રભુ સાથેની પોતાની પ્રીત કેટલી સ્વાભાવિક છે તે વર્ણવતા પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) સૂર્યવિકાસી કમળ, સૂર્યના કિરણોને ગ્રહણ કરે છે અને ચન્દ્રવિકાસી કુમુદ, ચન્દ્રની સાથે જ પ્રીત ધરાવે છે. પાર્વતી શંકર વિના અને લક્ષ્મી વિષ્ણુ વિના કોઈને ચિત્તથી ચાહતાં નથી.

Melbourne
Shwetambar Jain Sangh

# શ્રી અજિતનાથ જિન સ્તવન (૫)

તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું,
બીજા સુર હો નવિ આવે દાય કે;
શ્રીનયવિજય સુગુરુતણો,
વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે.

**અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે.**

તે પ્રમાણે મારું મન પ્રભુ સાથે મળ્યું છે, તેને બીજાની સાથે મેળ આવતો જ નથી. તેથી શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. નિરંતર તે પ્રભુના ગુણ ગાય છે.